જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૨/૦૬/૨૦૨૨ ગુરૂવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૯૭૭/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૧/૦૬/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ. નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૦ | ૦ | ૧૪૦ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૩ | ૦ | ૧૦૦૬૯૩ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૭ | ૪,૩૬,૩૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# ગે.કા. હથિયારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનઃ

## બીન પરવાનાવાળી દેશી બનાવટની પિસ્ટલ (હથીયાર) સાથે આરોપીને પકડી લેતો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોવોર્ડ

મે.પોલીસ કમિ.સા.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિ.સા.શ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિ.સા.શ્રી ઝોન-3 તથા મદદનીશ પો.કમિ.સા.શ્રી “ઇ” ડીવીઝન નાઓ તરફથી રથયાત્રા અનુસંધાને પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગ કરી તકેદારી રાખવાની સુચના મળેલ હોય જે અનુસંધાને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર આર.એચ.સોલંકી સા.શ્રી નાઓના માર્ગદર્શન પોલીસ સ્ટેશન વિસ્તારમાં સર્વેલન્સ સ્કોવોર્ડના પો.સબ.ઇન્સ આર.એલ.પટેલ સા.શ્રી તથા સર્વેલન્સ સ્ટાફના માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમીયાન અ.પો.કોન્સ અનિરૂધ્ધસિહ પ્રતાપસિહ બ.નં.૪૯૦૨ તથા અ.પો.કો સુરેન્દ્રસિંહ અમૃતસિંહ બ.નં.૬૬૨૫ નાઓને મળેલ બાતમી હકિકત આધારે વોચ ગોઠવી ઇસમ નામે શહેઝાદખાન સલીમખાન પઠાણ ઉ.વ.૩૩ ધંધો.કોન્ટ્રાકટર રહે. મ.નં.૪૦૨ મદિના ફ્લેટ, અખાડાની બાજુમાં, સોદાગરની પોળ, જમાલપુર અમદાવાદ શહેર નાઓની પાસેથી વગર પાસ પરવાનાવાળી એક દેશી બનાવટની પિસ્ટલ કિ.રૂ.૧૦૦૦૦/- ની મતાની કબ્જે કરી સદરી ઇસમ વિરૂધ્ધ ધી આર્મ્સ એક્ટ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરવામાં આવેલ છે

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી**

પો.સબ.ઇન્સ આર.એલ.પટેલ સા.શ્રી તથા અ.હેડ.કોન્સ રમેશકુમાર માધવલાલ બ.નં.૯૭૩૦ તથા અ.હેડ.કોન્સ દિલીપસિહ બળભદ્રસિહ બ.નં.૫૩૦૭ તથા અ.હેડ.કોન્સ પંકજકુમાર આત્મારામ બ.ન.૪૧૭૮ તથા અ.પો.કોન્સ અનિરૂધ્ધસિહ પ્રતાપસિહ બ.નં.૪૯૦૨ તથા અ.પો.કો સુરેન્દ્રસિંહ અમૃતસિંહ બ.નં.૬૬૨૫ તથા અ.પો.કો દીપેશ વાલજીભાઇ બ.નં.૫૭૩૨ તથા અ.લો.૨ મેરામણભાઇ કિશાભાઇ બ.નં.૧૨૧૮૬ તથા અ.લો.૨. મહાદેવભાઈ મોતીભાઈ બ.નં.૧૧૪૨૦ તથા અ.લો.૨ અર્જુનસિંહ હરદેવસિંહ બ.નં.૧૨૯૯૧






# પાસા અટકાયતની વિગત

## નરોડા પોલીસ સ્ટેશનઃ

## પ્રોહીબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ"

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ અમોએ નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૧૧૭૯૧/૨૦૨૧ પ્રોહી એકટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૯૮(૨) મુજબના ગુનાના કામના આરોપી વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૪૯૫/૨૦૨૨ તા-૦૧/૦૬/૨૦૨૨ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૦૧/૦૬/૨૦૨૨ ના કલાક-૨૧/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા-૦૧/૦૬/૨૦૨૨

### આરોપીનુ નામ -

જયપાલસિંહ દશરથસિંહ જાતે ઝાલા ઉ.વ.૨૪ રહે:ટુકડા દરબાર મહુલીની પાસે કટોસણ ધનપુરા તા-જોટાણા જી- મહેસાણા

### કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

પી.આઇ.પર્સનલના એ.એસ.આઇ. યોગેશકુમાર સેમ્યુઅલભાઇ બ.નં.૧૩૬૪૪ તથા હે.કો.અજીતસિંહ કલ્યાણસિંહ બ.નં.૩૫૧૭ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ તથા પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં. ૧૧૭૩૭ તથા લોકરક્ષક મયુરસિંહ કરણસિંહ બ.નં.૧૨૫૧૦



# પાસા અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશનઃ

### આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ


મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ સુચના મુજબ (૧)નિકોલ પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૫૨૧૧૧૯૭/૨૦૨૧ ઇપીકો કલમ ૩૭૯,૪૬૧,૧૧૪ મુજબ તથા (૨)કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૨૦૩૫૦/૨૦૨૨ ઇપીકો કલમ ૩૭૯(એ)(૩),૧૧૪ મુજબના મિલ્કત સબંધેના ગુનાઓ દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૫૦૨/૨૦૨૨ તા.૦૧/૦૬/૨૦૨૨ ના હુકમ આધારે તા.૦૧/૦૬/૨૦૨૨ ના કલાકઃ૨૧/૫૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

**આરોપીનું નામ:-**

રવિ કનૈયાલાલ બજરંગે (છારા) રહે.માચીસ ગલી શૈનુના મકાનમાં કુબેરનગર સરદારનગર અમદાવાદ શહેર

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી**

પો.ઇન્સ. શ્રી એ.જે.ચૌહાણ તથા એએસઆઇ શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.હે.કો. પ્રવિણભાઇ રામાભાઇ બ.નં.૯૦૩૦ તથા અ.હે.કો. ધીરજકુમાર મંગળભાઇ બ.નં.૩૩૧૫ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.પો.કો. કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૭૨૮૩



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૭૮/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૩૨૧ લીટર દેશી દારૂ, ૬૦૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૨ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૦૧ રીક્ષા અને ૦૩ સ્કુટર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪,૨૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૯૭૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી. ૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૩૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૦ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાતની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૯૮૦/૨૦૨૨**

**વસ્ત્રાપુરઃ** ભુપેન્દ્રભાઇ સરદારાજી પુરોહીત (ઉ.વ.૩૮)(રહે.આઇ.સી.બી.ટી.સી., વંદે માતરમ રોડ, ગોતા)એ તા.૦૧/૦૬/૨૦૨૨ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૫/૨૦૨૨ ના કલાક ૧૦/૦૦ વાગ્યા પહેલા ગુરૂકુલ રોડ, સાન્તમ કોમ્પ્લેક્ષ ખાતે આવેલ ભુપેન્દ્રભાઇની “મારૂતિ કોમ્પ્યુટર” નામની દુકાનમાં માલ સામાનના સ્ટોકની જાળવણીનું કામ કરનાર આરોપી (૧) ચીરાગ શંકરલાલ પુરોહીત (ઉ.વ.૨૭)(ગામ. સિલોઇયા, સરકારી શાળાની પાછળ, તા.જી.સિરોહી રાજસ્થાન) એ કોમ્પ્યુટર અને લેપટોપની RAM અને SSD DRIVE ના સ્ટૉકમાંથી કોમ્પ્યુટર અને લેપટોપની RAM આશરે નંગ-૨૯૦ કિંમત રૂપિયા ૨,૮૦,૦૦૦/- તથા SSD DRIVE નંગ.૧૪૦ કિંમત રૂપિયા ૩,૪૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬,૨૦,૦૦૦/- મતાની RAM અને SSD DRIVE કાઢી લઇ આરોપી (૨)વિક્રમ નારાયણલાલ પુરોહીત (ઉ.વ.૨૨)(રહે.મુળ વતન. ગામ. સોમતા, તા.ભિલમાલ જી.ઝાલોર રાજસ્થાન) (૩)મહાવિર ભોમારામ સોલંકી(ઉ.વ.૧૮)(રહે.મુળ વતન.રાજેન્દ્રનગર સોસાયટી, ઝાલોર જીલ્લો રાજસ્થાન) સાથે મળી આરોપી (૪)ઉમેશ ધનજીભાઇ ઠાકોર (ઉ.વ.૩૧)(રહે.ઠાકોરવાસ, મેમનગર ગામ, પાણીની ટાંકીની સામે, મેમનગર) (૫) મનોરસિંગ અશોકસિંગ રાજપુત (રહે.એસ.બી.આઇ.બેંકની સામેની ગલીમાં, આઇ.ઓ.સી. રોડ, ચાંદખેડા) અને (૬) કરનજીત ઉર્ફે રણવિર તલસારામજી પુરોહીત (મુળ રહે.ગામ. ધાસેડી તા.ભિનમાલ જી.ઝાલોર) નાઓને વેચાણ આપી તમામ રૂપિયા પોતાના હિત માટે મેળવી લઇ ભુપેન્દ્રભાઇ સાથે વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.આર,ભરવાડ ચલાવે છે.

**વીજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૯૮૧/૨૦૨૨**

**વેજલપુરઃ** ફૈઝાન યાસીનભાઇ અજમેરી (ઉ.વ.૨૧)(રહે.અજીજાપાર્ક સોસાયટી એકતા મેદાન સામે લીમડા બેકરી પાછળ વેજલપુર) તા.૦૧/૦૬/૨૦૨૨ બપોરના ૨/30 વાગ્યાના સુમારે જુહાપુરા બરફની ફેક્ટરી પાછળ આવેલ “નૌમાન કટીંગ વર્કસ” નામના કારખાનામા મશીન ઉપર કામ કરતા હતા દરમ્યાન વીજ કરંટ લાગતા સારવાર માટે તેમને શેઠ વા.સા. હોસ્પીટલ ખાતે લાવતા તા.૦૧/૦૬/૨૦૨૨ બપોરના 3/૧૫ વાગે ફરજ પરના ડો.શ્રી.એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી રોહીત ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૯૮૨/૨૦૨૨**

**વેજલપુરઃ** મિત્તલબહેન વા/ઓ વિરલકુમાર પુજારા (ઉ.વ.3૧)(રહે.અશ્વલેખા એપાર્ટમેન્ટ દેસાઇ પાર્ક પાસે જીવરાજપાર્ક વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૬/૨૦૨૨ બપોરના ૧૨/૧૫ થી ૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના પિતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી “એમ” ડિવીઝન નાઓ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.